## જન્મદિને વધામણી



માહી આશિષ પુરોહિત
મો. ૯૪૨૯૫ ૪૪૯૪૯



જયવીર શર્મા
નેશનલ કબડ્ડી કોચ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા
મો. ૯૦૯૯૦ ૨૬૮૯૭



અમૃતભાઈ એલ સોલંકી
ફોન : ૬૫૭૨ ૬૪૮૦



ઝલક પ્રજાપતિ
મો. ૯૮૯૮૧ ૯૩૩૩૮



રેખાબેન પટેલ
સભ્ય, અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ

# દિવમાં પહેલી ડિસેમ્બરથી ૭૭ દિવસનો 'ફેસ્ટા દી દિવ-૨૦૧૫' ફેસ્ટીવલ યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

કેન્દ્રશાસિત પ્રદેશ દિવ અને દમણના ઉપક્રમે આગામી ૧ ડિસેમ્બરથી ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૬ દરમિયાન દિવ ખાતે યોજાનાર 'ફેસ્ટા ડી દિવ' બીચ ફેસ્ટીવલનું રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના હસ્તે પહેલી ડિસેમ્બરે ઉદ્‌ઘાટન કરવામાં આવનાર છે. આ ફેસ્ટીવલનું ફેરીસવ્હીલ એન્ટરટેઈનમેન્ટ પ્રાઈવેટ લિમીટેડ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.




ફેસ્ટા દી દિવ બીચ ફેસ્ટીવલમાં વિવિધ પ્રકારના આકર્ષક અને લકઝ્યુરીયસ ટેન્ટસ, સ્પા, ફાઈવ સ્ટાર કેટેગરીની રેસ્ટોરાં તેમજ અન્ય ખાસ સ્ટોલ ઉભા કરવામાં આવશે. ૭૭ દિવસ સુધી ચાલનારા આ ફેસ્ટીવલ દરમિયાન વિવિધ અભિનેતા અને કલાકારો હાજરી આપશે. જેમાં સુભા મુદગલ, અંકિત તિવારી, નિરજ શ્રીધર, શ્રેયા ઘોસલ, બેની દયાલ, હાર્દ કૌર, મિલિન્દ સોમન, કૈલાસ ખેર જેવા કલાકારો આ ફેસ્ટીવલના મુખ્ય આકર્ષણ બની રહેશે.


દિવ ફેસ્ટીવલ દિવસ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક અને મનોરંજક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૬૦ જેટલા લકઝ્યુરીયસ બીચના ટેન્ટસ બનાવવામાં આવશે. તેમાં ડાઈનીંગ, સ્પા અને ક્લબની સુવિધા ઉભી કરવામાં આવશે.

આ અંગે માહિતી આપતા દિવ, દમણ અને દાદરાનગર હેવલીના આશિષ કુંદ્રા (આઈએએસ) (એડમિની સ્ટ્રેટર) અને ફેસ્ટીવ્હીલ એન્ટરટેઈનમેન્ટ પ્રા.લિ.ના ફાઉન્ડર અને ડિરેક્ટર કુ. શુભ્રા ભારદ્વાજે જણાવ્યું હતું કે ફેસ્ટીવલ દરમિયાન દિવના વિવિધ ત્રણ સ્થળોએ ૧૪૦ જેટલા લાઈવ શૉ યોજાશે. તેમજ એડવેન્ચરને લગતી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે બંગી જમ્પીંગ, ઝીપ લાઈનીંગ, હોટ એર બલુન સહિત અન્ય પ્રવૃત્તિનું આયોજન થયું છે. આ ફેસ્ટીવલ દરમિયાન દોઢથી બે લાખ જેટલા વિદેશીઓ તેમજ આઠ લાખથી વધુ સહેલાણીઓ હાજરી આપે તેવી ધારણા છે.

# શહેરમાં ઠંડી વધતાં મૉર્નિંગ વૉકર્સની સંખ્યામાં થયેલો નોંધપાત્ર વધારો

ગાંધીનગર, તા. ૧૯

કામના ભારણ કે વ્યસ્તતાને કારણે આપણે ભલે વર્ષભર કસરત કે સામાન્ય વ્યાયામથી દૂર રહેતા હોઈએ પરંતુ શિયાળો આવે કે તરત આપણે ત્યાં વ્યાયામનું મહત્ત્વ વધી જાય છે અથવા વ્યાયામ આપણને યાદ આવી જાય છે અને શિયાળો તો શિયાળો પરંતુ એનું પાલન આપણે કરીએ છીએ.



આ વખતે પણ એવું જ થયું છે. શિયાળો આમ તો ક્યારનો બેસી ગયો છે, પરંતુ ઠંડી જોઈએ એવી પડતી ન હતી એ કારણે કસરતનો કે વ્યાયામનો માહોલ જામતો ન હતો. પરંતુ છેલ્લા ત્રણ દિવસથી વધી ગયેલા ઠંડીના પ્રમાણે હવે વ્યાયામનો મહિમા વધારી દીધો છે.

શહેરના માર્ગો ઉપર અને સૅન્ટ્રલ વિસ્ટામાં પણ હવે મૉર્નિંગ વૉકર્સની સંખ્યા નોંધપાત્ર રીતે વધી ગયેલી દેખાઈ રહી છે. અગાઉ એવું બનતું કે સવારના સમયે સૅન્ટ્રલ વિસ્ટામાં રાખેલા કસરત માટેનાં સાધનોમાં બહુ ભીડ રહેતી નહીં, અહીં આવનારા સૌને પોતાના સયમ પૂરતાં સાધનો મળી રહેતાં. પરંતુ હવે શિયાળાની ઠંડી વધતાં મૉર્નિંગ વૉકર્સની ને વ્યાયામ પ્રેમીઓની સંખ્યામાં પણ વધારો થયો છે ને એ કારણે હવે આ સાધનો અપૂરતાં હોય એમ લાગી રહ્યું છે. ઘણા લોકોને લાંબા સમય સુધી આ સાધનોનો ઉપયોગ કરવા માટે કતારમાં ઊભા રહેવું પડી રહ્યું છે.

અલબત્ત, મોટાભાગના લોકોએ ચાલવાને જ શ્રેષ્ઠ વ્યાયામ માનીને શિયાળાની સવારમાં ચાલવાનું જ રાખ્યું છે. ખાસ કરીને પથિકાશ્રમથી આગળ ઘ રોડ, ચ રોડ, પુનિત વન, સૅક્ટર-૧૯થી સચિવાલય માર્ગ અને સૅન્ટ્રલ વિસ્ટા વિસ્તારમાં મૉર્નિંગ વૉકર્સ મોટા પ્રમાણમાં દેખાઈ રહ્યા છે. ચાલવું ન હોય તો પણ શિયાળાની વહેલી સવારની મજા માણનારાઓ પણ મૉર્નિંગ વૉકર્સની સાથે જોવા મળી રહ્યા છે. અલબત્ત, આવા લોકોની સંખ્યા ઘણી ઓછી છે. પરંતુ પોતાનું વાહન લઈને સૅન્ટ્રલ વિસ્ટા સુધી આવનારા અને પછી પણ ચાલવાનું કષ્ટ ન લેનારાઓનેય શહેરમાં જોઈ શકાય છે ખરા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
પ્રેમ રતન ધન પાયો
રાત્રે ૯.૩૦

**સ્ક્રીન-૨**
પ્રેમ રતન ધન પાયો
૧૨.૩૦, ૩.૪૫, ૭.૦૦. ૧૦૧૫

**સ્ક્રીન-૩**
સ્પેક્ટર (અંગ્રેજી)
૧.૪૫, ૭.૧૫
સ્પેક્ટર (હિન્દી)
૧૧.૦૦, ૪.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
છેલ્લો દિવસ
૪.૦૦, ૭.૧૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
પ્રેમ રતન ધન પાયો
૧૦.૦૦, ૨.૦૦

**સ્ક્રીન-૬**
પ્યાર કા પંચનામા-૨
૧૦.૦૦
છેલ્લો દિવસ
૧.૦૦
પ્રેમ રતન ધન પાયો
૫.૩૦


**અમદાવાદમાં હેરિટેજ વિકની અનોખી ઉજવણી**

# દેશનાં ૭૦ ખ્યાત સ્થાપત્યોનાં આર્ટવર્ક્સનું પ્રદર્શન

**ફોટોગ્રાફીની શરૂઆત થઈ એ પહેલાંના ચિત્રો, એન્ગ્રેવિંગ્સ અને કેટલાક ફોટોગ્રાફ્સ પ્રદર્શનમાં : આ બધાં જ આર્ટવર્ક્સની ખાસિયત એ છે કે તે બધા જ દેશભરનાં સ્થાપત્યો પર આધારિત છે અને મોટાભાગનાં આર્ટવર્ક્સ બિનભારતીય આર્કિટેક્ટ્સનાં છે**

ગાંધીનગર, તા. ૧૯

આજથી એક સપ્તાહ સુધી વર્લ્ડ હેરિટેજ વિકની ઉજવણી વિશ્વભરમાં થઈ રહી છે અને એમાં અમદાવાદ પણ જોડાયું છે, જેના કારણે આ સપ્તાહ દરમ્યાન અમદાવાદ ખાતે દેશભરનાં ખ્યાત અને જૂનાં સ્થાપત્યો જોવાની તક મળી રહી છે.




પાલડી સંસ્કાર કેન્દ્ર ખાતે આજથી એક વિશિષ્ટ ઉજવણીનો આરંભ કરવામાં આવ્યો છે, જે અંતર્ગત લાલ કિલ્લો, તાજમહલ કે ઉદયપુરનો ખ્યાત પેલેસ અમદાવાદમાં જ જોવા મળી જશે.

સંપદા અને અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા સંયુક્ત રીતે આ વિશિષ્ટ પ્રદર્શન ગોઠવવામાં આવ્યું છે, જેનું ઉદ્‌ઘાટન આજે સાંજે કરી દેવામાં આવ્યું છે અને આવતીકાલથી પચીસ નવેમ્બર સુધી આ પ્રદર્શન આમ જનતા માટે ખુલ્લું રહેશે. આ પ્રદર્શનમાં ૭૦ જેટલાં દુર્લભ આર્ટવર્ક્સ પ્રદર્શિત થઈ રહ્યાં છે, જેમાં ફોટોગ્રાફીની શરૂઆત થઈ એ પહેલાંના ચિત્રો, એન્ગ્રેવિંગ્સ અને કેટલાક ફોટોગ્રાફ્સ પણ સમાવવામાં આવ્યા છે. આ બધાં જ આર્ટવર્ક્સની ખાસિયત એ છે કે તે બધા જ દેશભરનાં સ્થાપત્યો પર આધારિત છે અને મોટાભાગનાં આર્ટવર્ક્સ બિનભારતીય આર્કિટેક્ટ્સનાં છે.

ફોટોગ્રાફીની શરૂઆત થઈ એ પહેલાં ભારત આવનારા પ્રવાસીઓ અને ચિત્રકારોનાં આર્ટવર્ક્સ આ પ્રદર્શનમાં સમાવાયાં છે. જેમાં આર જી રીવ, વિમ મિલર, જે. રોલ્ફ, એફ જે હેવલ, આર ડાઉસન, ઈ ગુડાલ અને રોબ્ટ વાલીસનાં આર્ટવર્ક્સ સમાવિષ્ટ છે. આ એન્ગ્રેવિંગ્સ જેમનાં સ્કેચીસ પરથી બન્યા છે તેમાં કેપ્ટન ઓરિન્ડલે, એ એસ બ્રૂક્સ, જે ડી હાર્ડિંગ અને એસ પ્રાઉટ જેવા ૧૪ કલાકારોનો પણ સમાવેશ છે.

એન્ગ્રેવિંગ્સ ઉપરાંત અહીં બે ઓરિજિનલ ચિત્રો પણ પ્રદર્શિત કરવામાં આવ્યાં છે, જેમાં એ એસ બ્રૂકનું શિમલાની અંગ્રેજ કોઠી તથા વિલિયમ ડેનિયલનું લખનૌમાં ગોમતી નદીકાંઠાનું ઓરિજિનલ ચિત્ર સામેલ છે. એની સાથોસાથ રાજા દિનદયાલ અને બ્રાઉન એન્ડ શેફર્ડે લીધેલા ફોટોગ્રાફ્સ પણ અહીં પ્રદર્શિત કરવામાં આવ્યા છે. ભારતમાં પુરાતત્ત્વ ખાતાની શરૂઆત કરવામાં લોર્ડ કર્ઝનની ભૂમિકા ખૂબ મહત્ત્વની હતી. આ પ્રદર્શનમાં રજૂ થયેલા અને ૧૭૯૪થી ૧૮૫૦ વચ્ચે બનેલાં આ આર્ટવર્ગક્સ જોવા એ એક લ્હાવો છે, જે રસિકોએ ચૂકવા જેવો નથી.

### સરકાર કટિબદ્ધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહી છે. સાથે-સાથે અડચણો બિલકુલ ઓછી થઈ જાય તેવા પ્રયાસ થઈ રહ્યા છે. જેટલીએ સંપૂર્ણપણે ભ્રષ્ટાચારમુક્ત વ્યવસ્થાની વાત કરી હતી. ટેક્સના રેટ બિલકુલ વાજબીસ્તરે રહે તેવી પણ વાત કરવામાં આવી હતી. કરવેરાના દર ખૂબ જ સરળ હોવાથી રોકાણકારોને વધુ સુવિધા મળે છે.

### હુમલાનો ખતરો

● અનુસંધાન પહેલાનું ચાલુ

રોક કોન્સર્ટ સ્થળ અને રેસ્ટોરન્ટ તથા બારને ટાર્ગેટ બનાવીને હુમલાઓ કરાયા હતા. ગઈકાલે પેરિસ હુમલામાં તપાસ કરી રહેલી પોલીસ ટીમે હવે સેન્ટ ડેનિસ વિસ્તારમાં પાડેલા દરોડા દરમિયાન સામસામે ગોળીબારની રમઝટ થઈ હતી. આ દરોડા દરમિયાન બે આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવાયા હતા.

### પ્રભાવ વધ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત એસએમએસ, વોટસઅપ જેવા સોશ્યલ મિડિયાનો પણ પ્રચારમાં ઉપયોગ થઈ રહ્યો હોવાનું જાણવા મળેલ છે.

મતદારોમાં ઉત્સાહનો અભાવ વધુ જોવા મળતો હોવાથી ઉમેદવારોએ પ્રચાર અભિયાનના નવા નુસ્ખાઓ હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

આ વખતની ચૂંટણીમાં બધા ઉમેદવારોને મોંઘવારી, બેરોજગારી સહિતના ઘણા બધા મુદ્દાઓનો સામનો કરવો પડી રહ્યો છે. જોકે બન્ને રાજકીય પક્ષો વિકાસની વાતો કહી અને મતદારોને આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યા છે.

મતદારોમાં ચૂંટણીને લઈ પ્રવર્તતી ઉદાસીનતા એ ઉમેદવારોની મુંઝવણ બનીને ઉભરી છે. જોકે હજુ આવતા સપ્તાહથી મતદારોમાં જુસ્સો જોવા મળશે તેવો વિશ્વાસ રાજકીય આગેવાનો વ્યક્ત કરી રહ્યા છે.

### તન-દુરસ્તી (૪ પાનાનું ચાલુ...)

**6. PSA - Marker for Prostate Cancer**
**7. Free PSA - Marker for Prostate Cancer**
**8. Pro GRP - Marker for Small Cell Lung**
**9. NSC - Marker for Tumours**
**10. HE 4 - Marker for Differential diagnosis of endometriosis and ovarian Cancer with CA-125**
**11. CYFRA 21-1 - Marker for Lung Cancer**
**12. AFP - Marker for Myoloma, Briain damage, blood brain barrier perneability, CNS injury.**
**14. CEA - Marker for Colon Cancer**

આ બધા જ લોહીમાંથી તથા **Marker** છે. અને એ ખૂબ જ **Sensitive** હોય છે. અને વહેલું નિદાન કરવામાં ઉપયોગી હોય છે.

હવે એક દાખલો લઈએ... મહેન્દ્રભાઈને પેશાબમાં લાલ કલર દેખાયો. મહેન્દ્રભાઈ ગભરાઈ ગયા. કોઈ કે સલાહ આપી પથરીમાં લાલ પેશાબ આવે. થોડી **Pain killer** લઈ બે-ત્રણ દિવસ ચલાવ્યું પછી મહેન્દ્રભાઈનાં પેશાબમાં કઈ ફરક ન પડ્યો. મહેન્દ્રભાઈની ઉંમર હતી ૪૦ (ચાલીસ) વર્ષ. કોઈ સર્જન ડૉકટરે તેમને સલાહ આપી. પેલા લેબોરેટરીમાં પેશાબની તપાસ કરાવો, પછી સોનોગ્રાફી કરાવો. મહેન્દ્રભાઈએ એમ કરી પથરી તો ન હતી. લેબોરેટરીમાં લોહી વહે છે એવો રીપોર્ટ આવ્યો. સોનોગ્રાફીનાં રીપોર્ટમાં એમની પ્રોસ્ટેટની ગાંઠ મોટી થઈ ગઈ એવું નિદાન થયું પછી ડૉકટરે **PSA** નામનો લોહીનો **Marker** કરાવ્યો. એ **(Prostate Specific Antigen.)** એટલે શું? **PSA** મહેન્દ્રભાઈએ લેબોરેટરીમાં લોહી આપ્યું અને **PSA 100** કરતા પણ વધારે આવ્યું. ડૉકટરે તેમને **FANC (Biopsy)** કરાવવાનું કહ્યું. લેબોરેટરીમાંથી રીપોર્ટ ચાર દિવસે આવ્યો. મહેન્દ્રભાઈ ભાંગી પડ્યા. તેમને પ્રોસ્ટેટનું કેન્સર થયું હતું. ડૉકટરે તેમને દવા આપી. થોડાક જ સમયમાં લોહી બંધ થઈ ગયું. પછી તેમનું ઓપરેશન થયું. અને ધીમે ધીમે તદ્દન સારું થઈ ગયુ. ફરીથી **PSA** લોહીનો રીપોર્ટ કરાવ્યો. જે નોર્મલ આવ્યો. મહેન્દ્રભાઈ ખુશ છે. કહેવાનો મતલબ એ છે કે રોગ ગમે તેટલો જટીલ હોય પણ તેનું નિદાન શક્ય છે જ. જો સમયસર જાગો તો જ. મેડિકલ સાયન્સ ખૂબ જ આગળ વધી ગયું છે. આપણે તેનો ઉપયોગ કરવો સરળ રહ્યો. આ લખવાનું જેટલું સહેલુ છે. તેટલું કદાચ નિદાન ન પણ થાય પણ સારા ડૉકટર અને સારી લેબોરેટરી તમને આમાંથી ઉગારી શકવા અકબંધ છે.


- બકાભાઈને ૧૫ વર્ષથી તમાકું ખાવાની ટેવ હતી. બકાભાઈ રાત્રે પણ તમાકુ દબાવીને સૂઈ જતા હતા. ઘણા બધા કુટુંબમાં વિરોધી છતા પણ ચોરી છૂપે તમાકું ખાતા બકાભાઈનું મોં એકદમ ઓછું ખુલવા લાગ્યું અને દાંતના નીચેના ભાગ પર એક ચાંદુ પડ્યું. બકાભાઈએ ઘણા ડૉકટરને બતાવ્યું. પછી એમને એ ચાંદીની **Biopsy** કરાવવાની સલાહ આપી. તેમાં નિદાન થયું કે બકાભાઈને મોઢામાં ચાંદીનાં ભાગમાં કેન્સર છે. ડૉકટરે તેમને ઑપરેશન કરવાની સલાહ આપી. ઓપરેશનમાં છ દાંત અને અડધું જડબું કાઢી નાખવાની સલાહ આપી. અને જો આમ ના કરે તો કેન્સર વધારે ફેલાઈ શકે છે. બકાભાઈ દાખલ થયા. થોડા રડ્યા - ઘરવાળા પણ રડ્યા, પણ તમાકુની મજા જે ભોગવી હતી તેનું શું? પરિણામ આવે તેની આ વ્યથા હતી. બકાભાઈનું જડબું કાઢી નાખી શરીરમાં બીજા ભાગમાંથી મજ્જા અને ચામડી કાઢી એમનાં મોઢે લગાડ્યું. ધીમે ધીમે રૂઝ આવતા તેમા બનાવટી દાંત બેસાડ્યા અને જાણે હવે કશું થયું જ નથી. એમ મજાથી જીવે છે પણ તમાકુથી ડરે છે. બકાભાઈ હવે વ્યસન મુક્તિ અભિયાનમાં જોડાયા છે. અને હવે તેવો નારો લઈને ફરે છે. આમ ઘણું બધું કેન્સર ઉપર લખી શકાય પણ મને લાગે છે કે સજાગ રહેવા માટે આટલું પૂરતું છે.

# આજથી વડનગરમાં તાના-રીરી મહોત્સવ

## શુક્રવારે પિયુ સરખેલ, અમિતા દલાલ, પ્રતિભા દિક્ષિત, વર્ષા ગાંધી, વિનીતા શુક્લા, પ્રવિણ શિંદે, તર્જની હિરાણી, કાજલ છાયા, નિયતી વ્યાસ, ઋચા તિવારી , શ્રુતિ શિરોડકર, વિશ્વનાથ, સુધીર ગાર્ડી (હાર્મોનિયમ) અને શનિવારે શ્રેયાંસ શાહ, વિજય દવે , મંજુ મહેતા , પૃથ્વીરાજ મહેતા, મંજુષા પાટીલ કુલકર્ણી, શાશ્વતી મંડલ પોલ, હેતલ મહેતા જોષી, તન્મય દેવચોક દ્વારા કલાપ્રસ્તુતિ

મહેસાણા જિલ્લાના વડનગર ખાતે બે દિવસીય તાના-રીરી મહોત્સવનો શુક્રવારથી આરંભ થઈ રહ્યો છે, જેમાં સિતારવાદન, શાસ્ત્રીય ગાયનની વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવશે.

આ પ્રસંગે રાજ્યનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પણ ઉપસ્થિત રહી સંગીતની સુરાવલીઓ માણશે.



ગુજરાત રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા પ્રતિ વર્ષ આ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે અને આ કાર્યક્રમનો સ્તર એક અનોખી કક્ષાનો માનવામાં આવે છે, જેને માણવા માટે રાજ્યભરમાંથી સંગીતરસિકો પધારે છે, એટલું જ નહીં પરંતુ આ કાર્યક્રમમાં પોતાની કૃતિ રજૂ કરવી એને પણ કલાકારો પોતાનું સન્માન માને છે.

સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ મનીષ ભારદ્વાજ (આઈએએસ), ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ યોગેશ ગઢવી અને મહેસાણા જિલ્લા કલેકટર લોચન શહેરા (આઈએએસ) દ્વારા આ કાર્યક્રમની વિગતો આપતાં જણાવવામાં આવ્યું છે કે ૨૦ નવેમ્બર, શુક્રવારે આ મહોત્સવનો આરંભ થશે, જેમાં પ્રથમ દિવસે સમૂહ ગાયનમાં પિયુ સરખેલ અને વૃંદ પોતાની કૃતિ રજૂ કરશે. ત્યારબાદ સમૂહ ગીત અમિતા દલાલ, પ્રતિભા દિક્ષિત, વર્ષા ગાંધી, વિનીતા શુકલા, પ્રવિણ શિંદે (તબલાં) દ્વારા શાસ્ત્રીય ગાયન તર્જની હિરાણી, કાજલ છાયા, નિયતી વ્યાસ, ઋચા તિવારી (તબલાં) દ્વારા અને ત્યારબાદ શાસ્ત્રીય ગાયન શ્રુતિ શિરોડકર, વિશ્વનાથ (તબલાં) અને સુધીર ગાર્ડી (હાર્મોનિયમ) દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે.

૨૧ નવેમ્બરના રોજ સમૂહ ગાયન સપ્તક સ્કૂલ ઑફ મ્યુઝિકની શિષ્યાઓ, શ્રેયાંસ શાહ (તબલાં), વિજય દવે (હાર્મોનિયમ) દ્વારા અને સિતારવાદન મંજુ મહેતા દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે. પૃથ્વીરાજ મહેતા તબલાંવાદન કરશે. છેલ્લા શાસ્ત્રીય ગાયનની કૃતિ મંજુષા પાટીલ કુલકર્ણી, શાશ્વતી મંડલ પોલ, હેતલ મહેતા જોષી (તબલાં) અને તન્મય દેવચોક (હાર્મોનીયમ) દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે. આ દિવસે રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

ઉલ્લેખનીય છે કે ઉત્તર ગુજરાતનું સાંસ્કૃતિક નગર વડનગર ઈતિહાસ, કલા અને ધર્મનિષ્ઠાઓની યુગ ઓળખ બને તેવી તવારીખો અને વ્યક્તિત્વોથી સુશોભિત નગર છે.

ભક્ત કવિ નરસિંહ મહેતાની દોહિત્રી શર્મિષ્ઠાની સુપુત્રીઓ તાના અને રીરીએ સંગીતની આરાધના કરીને રાગનો આત્મસાત કર્યા હતા. આવી તાના-રીરી વડનગર અને ગુજરાતનું ગૌરવ છે, હતું અને રહેશે. સમ્રાટ અકબરના નવ રત્નોમાંના એક સંગીત સમ્રાટ તાનસેને પણ રાગ દિપક ગાવાથી ઉપડેલી દાહને વડનગરના શર્મિષ્ઠા તળાવનો કિનારે સંગીતની કલાધારિણી બહેનો તાના-રીરીના મલ્હાર રાગથી દૂર કરી હતી. પોતાની કલાના સન્માન ખાતર તાના-રીરીએ આત્મબલિદાન આપ્યું હતું, જેની યાદમાં આજે પણ સંગીત શાસ્ત્રીઓ રાગનો આલાપ કરતા પહેલાં તાના-રીરીનું સ્મરણ કરી 'નોમતોમ તાના-રીરી'થી ગાયકીની શરૂઆત કરે છે.

